# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/69 Dt. 20/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના વિમેન આંત્રપ્રિન્યોર્સ સેલ દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકો માટે નવી દિલ્હીના વિશેષ પ્રવાસનું આયોજન કરાયું

## સુરતની 11 મહિલા સાહસિકોએ ભારત મંડપમ્ ખાતે પ્રથમ વખત 'ભારતીય વ્યાપાર મહોત્સવ' માં ભાગ લીધો

## મહિલા સાહસિકોના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ અને ગ્રીસ એમ્બેસીના વડા મિસ ક્રિસા પ્રોકોપાકી સાથે મુલાકાત કરી

સુરત, 20 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા, તેમના વ્યાવસાયિક નેટવર્કને વિસ્તૃત કરવા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારની નવી તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી દેશની રાજધાની નવી દિલ્હી ખાતે વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા તથા ગ્રૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્ય અને WEC ચેરપર્સન એડવોકેટ બીના ભગતના માર્ગદર્શન હેઠળ સુરતનાં મહિલા ઉદ્યોગકારોને સશક્ત બનાવવાના ભાગરૂપે આ પહેલ હાથ ધરાઈ હતી.

**ભારત મંડપમ્ ખાતે 'ભારતીય વ્યાપાર મહોત્સવ'માં સહભાગિતા:** ચેમ્બર ઓફ કોમર્સના વિમેન આંત્રપ્રિન્યોર્સ સેલના 14 સભ્યોના પ્રતિનિધિમંડળે તા. 11થી 14 ઓગસ્ટ 2026 દરમિયાન નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળે પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ્‌ની મુલાકાત લીધી હતી, જ્યાં સેલની 11 મહિલા ઉદ્યોગસાહસિકોએ પ્રથમ વખત 'ભારતીય વ્યાપાર મહોત્સવ'માં ભાગ લીધો હતો. આ મહોત્સવમાં ભાગ લેવાથી મહિલા સાહસિકોને પોતાનાં ઉત્પાદનો અને સેવાઓને દેશભરના વિશાળ બજાર સમક્ષ રજૂ કરવાની તેમજ નવા બિઝનેસ કનેક્શન્સ સ્થાપિત કરવાની ઉત્તમ તક સાંપડી હતી.

**કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ અને ગ્રીસ એમ્બેસી સાથે બેઠક:** ચાર દિવસીય પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળે દેશના પ્રથમ નાગરિકના નિવાસસ્થાન રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી હતી. આ સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ સાથે મુલાકાત કરી સ્થાનિક મહિલા ઉદ્યોગોના વિકાસ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સ્તરે એક્સપોર્ટ અને ટ્રેડ નેટવર્કિંગના ભાગરૂપે ગ્રીસ એમ્બેસીના બિઝનેસ એન્ડ ઇકોનોમિક અફેર્સના વડા મિસ ક્રિસા પ્રોકોપાકી સાથે વિશેષ બેઠક યોજી વૈશ્વિક વેપારની સંભાવનાઓ ચકાસી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે આવા રાષ્ટ્રીય સ્તરના એક્સપોઝરથી મહિલા ઉદ્યોગકારોને માર્કેટ ટ્રેન્ડ્સ, સરકારી પોલિસીઓ અને વૈશ્વિક બિઝનેસ ઓપોર્ચ્યુનિટીઝનો સીધો અનુભવ મળે છે, જે તેમના વ્યવસાયને નવી ઊંચાઇ આપશે.